
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧ | હૃદય–ગુંજન.... | ( શા વેલચંદ ધનજી ) | ૨૨૯ |
| ૨ | શ્રી તીર્થંકર ચરિત્ર. | ( મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ ) | ૨૩૧ |
| ૩ | પંડિતવર્ય શ્રી વીરવિજયજી મહારાજ... | ( ગાંધી ) | ૨૩૫ |
| ૪ | પાછો હઠ. | ( છગનલાલ નહાનચંદ નાણાવટી )... | ૨૩૮ |
| ૫ | અધ્યાત્મ જ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર. | ( આત્મવલ્લભ ) ... | ૨૩૯ |
| ૬ | મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. | ( વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ )... | ૨૪૪ |
| ૭ | સહર્ષ નોંધ. | ... | ૨૪૯ |
| ૮ | વર્તમાન સમાચાર. | ... | ૨૫૦ |
| ૯ | ધન્યવાદ, અમારો સત્કાર. | ... | ૨૫૧ |
| ૧૦ | સ્વીકાર અને સમાલોચના, | ... | ૨૫૨ |



### અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે નવીન તૈયાર થતાં પુસ્તકો.

૧ સુકૃતસાગર પેથડકુમાર ચરિત્ર–( ઇતિહાસિક ) તૈયાર થએલ છે.

**નીચેના તૈયાર થયા છે.**

૨ ધર્મ પરિક્ષા–ધર્મનું સ્વરૂપ કથાઓ સહિત.

૩ શ્રી મહાવીર પ્રભુ ચરિત્ર–ઘણુંજ વિસ્તાર યુક્ત અનેક બોધક કથાઓ પૂર્વક.

૪ શ્રી પ્રભાવક ચરિત્ર–અનેક આચાર્ય મહારાજોના ઇતિહાસિક દષ્ટિએ જીવન વૃતાંત.

આ સભામાં લાઇફ મેમ્બર થનારને કેવા કેવા ગ્રંથો દરવર્ષે ભેટ મળ્યે જાય છે તે સુવિદિત છે, કે જેવા ગ્રંથો દરવર્ષે કોઇ સંસ્થા આપી શકતી નથી. આર્થિક દષ્ટિએ અને સાહિત્ય સેવા અને ઉત્તેજનના અપેક્ષાએ પણ આ સભામાં લાઇફ મેમ્બરો થનાર બંધુ અમૂલ્ય ગ્રંથોની ભેટનો લાભ ઉત્તરોત્તર સારી સંખ્યામાં લઇ શકે છે.

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


**સૂચના**—આ માસિકમાં આવતા લેખો માટે તેના લેખક જવાબદાર છે અને તે માંહેની હકીકત માટે અમો સમ્મત જ હોઇએ તેમ માનવાનું નથી.

( માસિક કમીટી. )

ભાવનગર ધી “ આનંદ ” પ્રીન્ટીંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भाविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा–सप्तम प्रस्ताव.

पुस्तक २९ } वीर सं. २४५७. वैशाख. आत्म सं. ३५. { अंक १० मो.

ॐ

## ¹હૃદય–ગુંજન.

( ૧ )

²શ્રી ³ઐન્દ્રની સાચી સમઝવા માર્ગ ⁴સત્વર શોધીએ,
⁵મારૂં અને ⁶હું કોણના ⁷તાત્પર્યને અવલોકીએ;
નર દેહ દુર્લભ જગત ત્રયમાં ઇંદ્રિપણ ઇચ્છા કરે,
⁸રાચે નહીં જડ વસ્તુમાં આનંદ આત્મિક એ વરે.

૧ હૃદયની અંદર રમી રહેલો અવાજ. ૨ લક્ષ્મી ( જ્ઞાન–દર્શન–ચારિત્ર-રૂપ ) ૩ આત્માની. ૪ ઉતાવળથી. ૫ પોતાનું–શુદ્ધ આત્માનું, ૬ હું–પોતે શુદ્ધ આત્મા. ૭ સચોટ નિર્ણય. ૮ મોહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨ )

[૯]"યમ-નિયમ-તપ-જપ-ધ્યાન આદિ" ક્રિયા તત્પર જે રહે,
ચંદન સમાન સુગંધ [૧૦]ઘર્ષણ-[૧૧]તાપ સંયોગે વહે;
દ્રવે પરમ શિતલ શાન્ત અમૃત ચંદ્રવત્ સંસારમાં,
જીતેંદ્રિય આદર્શ દર્શિ શુદ્ધતા ચારિત્રમાં.

( ૩ )

ભાવે પરમપદ અગર આત્મિય ભાવના સહેજે સદા,
ઇચ્છા નહીં કો અવર પણ ગુરૂ-દેવન સેવન સર્વદા;
[૧૨]નેતૃત્વ જેનું સરલ ભાવે સર્વ કો જ્યાં સદ્દહે,
વીતરાગ વાણી હૃદય સ્પર્શિ ભાવના યોગે કહે.

( ૪ )

[૧૩]રટીએ નિરંતર નામ જેનું કામ સુંદર સર્વથા,
વંદન ત્રિયોગે તેહને નિસ્પૃહ નિશ્ચલતા તથા,
[૧૪]દ-દ-દ તણું ત્રિક જેહના: [૧૫]અંગાંગમાં વ્યાપેલ છે,
નર જન્મ સાર્થક ભ્રાત ! જ્યાં [૧૬]સ્યાદ્વાદ રંગ રેલાય છે.

વેલચંદ ધનજી.

---

૯ યમ-નિયમાદિક યોગના અંગો છે. ૧૦ ઘસવાથી. ૧૧ તાપમાં તપાવવાથી. ૧૨ નાયકપણું. ૧૩ જપીએ. ૧૪ દયા-દાન અને દમન. ૧૫ સર્વ અંગની અંદર. ૧૬ વસ્તુની દરેક બાજુ સમજીને કરાતો વચન વ્યવહાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૮૫ થી શરૂ. )

૧૪ [ ઉપર પ્રમાણે ગોશાલકે કહ્યું એટલે ] શ્રમણ ભગવાન મહાવીરે મંખલીપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું. હે ગોશાલક, જેમ કોઈ ચોર હોય અને તે ગ્રામવાસી જનોથી પરાભવ પામતો ૨ કોઇ ગર્તા—ખાડો—ગુફા—દુર્ગ—દુઃખે જવા યોગ્ય સ્થાન—નિમ્ન નીચાણુ પ્રદેશ—પર્વત કે વિષમ ખાડા અને ટેકરાવાળા પ્રદેશને પ્રાપ્ત કરતો એક મોટા ઉનના લોમથી, શણુ લોમથી, કપાસના લોમથી અને તૃણુના અગ્ર ભાગથી પોતાને ઢાંકીને રહે, અને તે નહિ ઢંકાયા છતાં "હું ઢંકાએલ છું" એમ પોતાને માને, અપ્રચ્છન્ન નહિં—છુપાયા છતાં પોતાને "પ્રચ્છન્ન—છુપાયેલ" માને, નહિં સંતાવા છતાં પોતાને સંતાયેલ માને, અપલાપિત—ગુપ્ત નહિ છતાં પોતાને ગુપ્ત માને એ પ્રમાણે હે ગોશાલક, તું પણ અન્ય નહિ છતાં "હું અન્ય છું" એમ પોતાને દેખાડે છે. તે માટે હે ગોશાલ, એમ નહિ કર. હે ગોશાલક, એમ કરવાને તું યોગ્ય નથી તેજ આ તારી પ્રકૃતિ છે, અન્ય નથી.

૧૫ શ્રમણ ભગવાન્ મહાવીરે એ પ્રમાણે કહ્યું એટલે તે મંખલિપુત્ર ગોશાલક એકદમ ગુસ્સે થયો, અને શ્રમણ ભગવાન્ મહાવીરને અનેક પ્રકારના અનુચિત વચનો વડે **આક્રોશ** કરવા લાગ્યો, આક્રોશ કરીને અનેક પ્રકારની ઉદ્ધર્ષણા પરાભવના વચનો વડે તિરસ્કાર કરવા લાગ્યો, તિરસ્કાર કરી અનેક પ્રકારની નિર્ભર્ત્સનાવડે નિર્ભર્ત્સિત કરવા લાગ્યો, નિર્ભર્ત્સના કરી અનેક પ્રકારની નિશ્છોટના—કર્કશ વચનો વડે હલકા પાડવા પ્રયત્ન કરવા લાગ્યો, અને તેમ કરી તે ગોશાલો આ પ્રમાણે બોલ્યો "કદાચિત્ત હું એમ માનું છું કે તું નષ્ટ થયો છે, કદાચિત્ વિનષ્ટ થયો છે, કદાચિત ભ્રષ્ટ થયો છે, અને કદાચિત નષ્ટ વિનષ્ટ અને ભ્રષ્ટ થયો છે, **કદાચિત્ તું આજે હઇશ નહિ,** તને મારાથી સુખ થવાનું નથી.

૧૬ તે કાળે અને તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના અન્તેવાસી શિષ્ય પૂર્વ દેશમાં ઉત્પન્ન થયેલા **સર્વાનુભૂતિ** નામે અનગાર ભદ્ર પ્રકૃતિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને યાવત્ વિનીત હતા, તે પોતાના ધર્માચાર્યના **અનુરાગથી** આ ગોશાલકની વાતની અશ્રદ્ધા કરતા ઉઠયા, ઉઠીને જ્યાં મંખલિપુત્ર ગોશાલક હતો ત્યાં આવી મંખલિપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું હે ગોશાલક, જે તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણની પાસે એક પણ આર્ય **નિર્દોષ** અને **ધાર્મિક સુવચન** સાંભળે છે તે પણ તેને **વંદન અને નમસ્કાર** કરે છે, યાવત તે કલ્યાણકર અને મંગલકર દેવના **ચૈત્યની** પેઠે તેની પર્યુપાસના કરે છે, પણ હે ગોશાલક! તારે માટે તો શું કહેવું? ભગવંતે તને **દીક્ષા** આપી અર્થાત્ **શિષ્યરૂપે** સ્વીકાર કર્યો ભગવંતે તને **મુંડયો,** ભગવંતે તને **વ્રત સમાચાર** શીખવ્યા, ભગવંતે તને **શિક્ષિત** કર્યો અને ભગવંતે તને **બહુશ્રુત** કર્યો તો પણ તેં ભગવંતની સાથે અનાર્યપણું આદર્યું છે. તે માટે હે ગોશાલ! એમ નહિ કર. હે ગોશાલક, તું એમ કરવાને યોગ્ય નથી. આ તેજ તારી પ્રકૃતિ છે અન્ય નથી. એ પ્રમાણે **સર્વાનુભુતિ** અનગારે કહ્યું એટલે તે મંખલિપુત્ર ગોશાલક ગુસ્સે થયો અને સર્વાનુભૂતિ **અનગારને** પોતાના **તપના તેજથી એક પ્રહારે કરી** કૂટાઘાત—પાષાણમય યંત્રના આઘાતની પેઠે **બાળી ભસ્મ** કર્યા. ત્યાર બાદ મંખલિપુત્ર ગોશાલકે સર્વાનુભૂતિ અનગારને પોતાના તપના તેજથી એક ઘાએ કૂટાઘાતની પેઠે ભસ્મરાશિ કરીને બીજીવાર પણ શ્રમણ ભગવંત **મહાવીરને** અનેક પ્રકારની આક્રોશના વડે **આક્રોશ** કર્યો યાવત મારાથી તમને સુખ થવાનું નથી.

૧૭ તે કાળે તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીરના **અન્તેવાસી** કોશલ દેશ અયોધ્યા દેશમાં ઉત્પન્ન થયેલા **સુનક્ષત્ર** નામે અનગાર પ્રકૃતિના અને યાવત્ વિનીત તે ધર્માચાર્યના **અનુરાગથી** ઇત્યાદિ જેમ સર્વાનુભૂતિ સંબંધે કહ્યું તેમ અહિં યાવત્ આ તારી પ્રકૃતિ છે અન્ય નથી” ત્યાં સુધી કહેવું. સુનક્ષત્ર અનગારે એ પ્રમાણે કહ્યું એટલે તે મંખલિપુત્ર ગોશાલક અત્યંત ગુસ્સે થયો અને **સુનક્ષત્ર અનગારને** તેણે **તપના તેજથી બાળ્યા.** મંખલિપુત્ર ગોશાલક વડે તપના તેજથી બળેલા સુનક્ષત્ર અનગારે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર **પ્રદક્ષિણા કરી** વન્દન અને નમસ્કાર કર્યા, વન્દન અને નમસ્કાર કરી સ્વયમેવ પાંચ મહાવ્રતનો ઉચ્ચાર કરી સાધુઓ અને સાધ્વીઓને **ખમાવ્યા** ખમાવીને આલોચના અને પ્રતિક્રમણ કરી **સામાધિને** પ્રાપ્ત થઇ તે અનુક્રમે કાળધર્મને પામ્યા.

૧૮ ત્યારબાદ મંખલિપુત્ર ગોશાલક સુનક્ષત્ર અનગારને તપના તેજથી બાળીને **ત્રીજી વાર** શ્રમણ ભગવંત મહાવીરને અનેક પ્રકારના અનુચિત વચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોથી આક્રોશ કરવા લાગ્યો, ઇત્યાદિ પૂર્વોક્ત સર્વ કહેવું. યાવત તને મારાથી સુખ થવાનું નથી, ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીરે મંખલીપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું કે હે ગોશાલક ! જે તેવા પ્રકારના **શ્રમણ અને** બ્રાહ્મણનું (આર્ય અને ધાર્મિક સુવચન સાંભળે છે ઇત્યાદિ) પૂર્વોક્ત કહેવું તે તેની યાવત્ પર્યુપાસના કરે છે. તો હે ગોશાલ, તારે માટે તો શું કહેવું ! **મેં તને પ્રવ્રજ્યા આપી, યાવત્ મેં તને બહુશ્રુત કર્યો,** અને તેં મારી સાથે **મિથ્યાત્વ અનાર્યપણું** આદર્યું છે. તે માટે હે ગોશાલક, "એમ નહિ કર." યાવત્ તે આ તારીજ પ્રકૃતિ છે, અન્ય નથી. શ્રમણ ભગવંત મહાવીરે એ પ્રમાણે કહ્યું એટલે તે મંખલીપુત્ર ગોશાલક અત્યંત ગુસ્સે થયો અને **તૈજસ્ સમુદ્ઘાત કરી** સાત આઠ પગલાં પાછો ખસી તેણે શ્રમણ ભગવંત મહાવીરનો **વધ કરવા માટે** શરીરમાંથી **તેજોલેશ્યા બહાર કાઢી.** જેમ કોઇ વાતોત્કલિકા (જે રહી રહીને વાયુ વાય તે) કે વંટોળીઓ હોય તે પર્વત ભીંત સ્તંભ કે સ્તુપ વડે આવરણ કરાયેલો કે નિવારણ કરાયેલો હોય તો પણ તેને વિષે સમર્થ થતો નથી, વિશેષ સમર્થ થતો નથી. એ પ્રમાણે મંખલિપુત્ર ગોશાલકની **તપોજન્ય તેજોલેશ્યા** શ્રમણ ભગવંત મહાવીરનો **વધ કરવા** માટે શરીરમાંથી બહાર કાઢયા છતાં **તેને વિષે સમર્થ થતી નથી**. વિશેષ સમર્થ થતી નથી પણ ગમનાગમન કરે છે, ગમનાગમન કરીને **પ્રદક્ષિણા** કરે છે. પ્રદક્ષિણા કરી ઉંચે આકાશમાં ઉછળે છે, અને ત્યાંથી સ્ખલિત થઇને પાછી ફરતી તપોજન્ય તેજોલેશ્યા મંખલિપુત્ર **ગોશાલક**ના શરીરને બાળતી બાળતી તેના શરીરની અંદર પ્રવિષ્ટ થાય છે, ત્યાર બાદ પોતાની તેજોલેશ્યાવડે પરાભવને પ્રાપ્ત થયેલા મંખલિપુત્ર ગોશાલકે શ્રમણ ભગવંત મહાવીરને આ પ્રમાણે કહ્યું, હે આયુષ્માન કાશ્યપ ! મારી તપોજન્ય તેજોલેશ્યાથી પરાભવને પ્રાપ્ત થઈ છ **માસને અન્તે** પિત્તજ્વરયુકત શરીર છે જેનું એવો તું **દાહની પીડાથી** છદ્મસ્થ અવસ્થામાં **કાળ કરીશ.** ત્યારે શ્રમણ ભગવંત **મહાવીરે** મંખલિપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું કે "હે ગોશાલક ! હું તારી તપોજન્ય તેજોલેશ્યાથી પરાભવ પામી છ માસને અન્તે યાવત કાળ કરીશ નહીં, પણ **બીજા સોળ વરસ સુધી**[1] **જિન તીર્થંકર પણે ગન્ધહસ્તીની પેઠે વિચરીશ.** પરન્તુ હે ગોશાલ, **તું પોતે** જ તારા તેજથી પરાભવ પામી **સાત**

---

૧ ભગવાન મહાવીરને છપ્પનમે વર્ષે આ ઉપસર્ગ થયો છે. જ્યારે આંબાની મોસમ (વૈશાખ–જેઠની) ઋતુ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાત્રિને અન્તે** પિત્તજ્વરથી પીડિત શરીરવાળો થઈ છદ્મસ્થાવસ્થામાં કાળ **કરીશ.**

૧૯ ત્યાર **પછી શ્રાવસ્તી** નગરીમાં શૃંગાટકના આકારવાળા ત્રિકોણ માર્ગમાં યાવત્ રાજમાર્ગમાં ઘણા માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે. યાવત્ આ પ્રમાણે પ્રરૂપે છે. " હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે ખરેખર શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ટક ચૈત્યને વિષે બે જિનો પરસ્પર કહે છે તેમાં એક આ પ્રમાણે કહે છે કે તું પ્રથમ કાળ કરીશ અને બીજા એમ કહે છે કે તું પ્રથમ કાળ કરીશ. તેમાં કોણ સમ્યગ્વાદી સત્યવાદી છે અને કોણ મિથ્યાવાદી છે ? તેમાં જે જે **પ્રધાન** મુખ્ય માણસો છે તે બોલે છે કે શ્રમણ ભગવાન મહાવીર સમ્યગ્વાદી છે અને મંખલિપુત્ર ગોશાલક મિથ્યાવાદી છે." શ્રમણ ભગવાન્ મહાવીરે હે આર્યો, એ પ્રમાણે નિર્ગ્રન્થોને બોલાવી એમ કહ્યું કે હે આર્યો ! જેમ કોઇ તૃણનો રાશિ, કાષ્ટનો રાશિ, પાંદડાનો રાશિ, ત્વચા–છાલનો રાશિ, તુષ–ફોતરાનો રાશિ, ભૂસાનો રાશિ, છાણનો રાશિ, અને કચરાનો રાશિ, અગ્નિથી દગ્ધ થયેલો અગ્નિથી યુક્ત અને અગ્નિથી પરિણમેલો હોય તો તે જેનું તેજ હણાયું છે, જેનું તેજ ગયેલું છે, જેનું તેજ નષ્ટ થયું છે, જેનું તેજ ભ્રષ્ટ થયું છે, જેનું તેજ લુપ્ત થયેલું છે અને જેનું તેજ વિનષ્ટ થયેલું છે એવો યાવત્ થાય, એ પ્રમાણે મંખલિપુત્ર **ગોશાલક** મારો વધ કરવા માટે શરીરમાંથી તેજોલેશ્યા બહાર કાઢીને જેનું તેજ હણાયું છે એવો તેજ રહિત અને યાવત્ **વિનષ્ટ તેજવાળો** થયો છે માટે હે આર્યો, તમારી ઇચ્છાથી તમે મંખલિપુત્ર ગોશાલકની સાથે ધાર્મિક પ્રતિમોદના–તેના મતથી પ્રતિકુલ વચન કહો, ધાર્મિક પ્રતિમોદના કરી ધાર્મિક પ્રતિસારણા–તેના મતથી પ્રતિકુલપણે વિસ્મૃત અર્થનું સંસ્મરણ કરાવો. ધાર્મિક પ્રતિ સારણા કરી ધાર્મિક વચનના પ્રત્યુપચારવડે પ્રત્યુપચાર કરો, તેમજ અર્થ પ્રયોજન હેતુ પ્રશ્ન વ્યાકરણ ઉત્તર અને કારણવડે પૂછેલા પ્રશ્નનો ઉત્તર ન આપી શકે તેમ **નિરૂત્તર** કરો !

( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંડિતવર્ય શ્રી વીરવિજયજી મહારાજ.

આ મહાપુરૂષ કાવ્યકલામાં પ્રવીણ હતા. તે કલા તેમની સુંદર રીતે ખીલેલી હતી. તેઓની ગુર્જરકવિતા જૈનેતર કવિઓની કવિતા કરતાં ઉચ્ચશૈલીની અને ગુજરાતી સાહિત્યને શોભાવે તેવી છે. આ મહાત્માએ રચેલી પૂજાઓ, તે વખતના પ્રચલિત ગીતો, ઢાળો વગેરેમાં આકર્ષક બનેલી હોઇ અત્યારે પણ એટલી જ સુવિખ્યાત છે; કારણ કે તે કાવ્યનો પ્રવાહ ભાવપૂર્ણ અને હૃદયને ઓતપ્રોત કરે તેવો છે. આ પંડિતવર્ય જ્ઞાતે બ્રાહ્મણ હતા. ગુજરાતના રાજનગર અમદાવાદ શહેરમાં શાંતિદાસનો પાડો કે જે ઘીકાંટા આગળ આવેલ છે, તેમાં જદ્રોસર નામના બ્રાહ્મણ પોતાની સ્ત્રી વિજયા સહિત રહેતો હતો. તેને પુત્રી ગંગા અને કેશવ નામે એક પુત્ર હતો. કેશવને ઉમર લાયક થતાં તેને રળીયાત નામની વિપ્રકન્યા સાથે પરણાવ્યો હતો. કેશવ અઢાર વર્ષનો થતાં ભીમનાથ ગામે માતા સહિત જતાં ત્યાં માતાએ ગાળ દેતાં કલહ થયો. જેથી કેશવ રોચક ગામે ગયો. ત્યાંથી પાલીતાણે જતાં માંદો પડ્યો, ઘણા ઉપાય કરતાં રોગ ન મટ્યો, ત્યાં શ્રી શુભવિજયજી ગુરૂ મળતાં તેમની કૃપાથી રોગની શાંતિ થઇ. કેશવે ગુરૂ પાસે ઘેર જવાની રજા માગી જેથી ગુરૂએ ઘેર જઇ શું કરશો ? જેથી આત્મકલ્યાણ સાધવા દીક્ષા માટે ઉપદેશ કર્યો. જેથી કેશવે કબુલ કરવાથી ગુરૂએ ખંભાત જઇ દીક્ષા આપવા જણાવ્યું. જેથી કેશવે વચમાં જ કોઇ સારૂં ગામ આવે તો ત્યાં દીક્ષા લેવા જણાવ્યું.

વિચાર કરતાં માર્ગમાં પાનસર પહોંચ્યા. ત્યાં ગુરૂએ સં. ૧૮૪૮ ના કારતક માસમાં કેશવને દીક્ષા આપી શ્રી વીરવિજય નામ આપ્યું. ત્યાંથી વિહાર કરી ખંભાતમાં શ્રી સંઘના સામૈયાપૂર્વક પ્રવેશ કર્યો. ગુરૂજીને શ્રી ધીરવિજયજી તથા શ્રી ભાણવિજયજી બે શિષ્યો હતા. તેમજ આ ત્રીજા શિષ્ય થયા અને શ્રી વીરવિજયજી મહારાજે ગુરૂની અપૂર્વ ભાવથી ભક્તિ કરતાં અને સતત્ અભ્યાસ કરતાં પંચ કાવ્ય, છ દર્શન અને આગમાદિ અવલોક્યાં. શ્રી વીરવિજયજી મહારાજે ખંભાતમાં ગુરૂ સાથે રહી સં. ૧૮૫૮ માં સ્થૂલિભદ્રની શિયલવેલ, અષ્ટપ્રકારી પૂજા પદ્યમાં રચી. હવે શ્રી ભાણવિજયજી પ્રથમ ગ્રામાંતર વિહરેલા હતા અને આ વખતે શ્રી ધીરવિજયજી ખંભાત રહ્યા અને ગુરૂ શિષ્ય અમદાવાદ આવી લુહારની પોળમાં ઉતર્યાં. ત્યાંથી વડોદરા જઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂત્રના યોગ સંઘ સમક્ષ વહેવરાવ્યા અને શ્રી વીરવિજયજીને પંન્યાસપદ આપ્યું. જેથી વ્યાખ્યાન વાંચવાના અધિકારી થયા. શ્રી શુભવિજયજી મહારાજ સં. ૧૮૬૦ ના ફાગણ શુદ ૧૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા.

મુનિશ્રી વીરવિજયજી ત્યાંથી વિહાર કરી લીંબડી, વઢવાણ થઇ સુરત શહેરમાં પધાર્યા. ત્યાંના સંઘે આડંબર પૂર્વક સામૈયું કર્યું. જેથી ત્યાંના જતીયો કકળી ઉઠ્યા. અને તિથિનો ઝગડો ઉભો કર્યો. ત્યાંથી જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે ખુલાસો કરતાં તેઓનું કથન સત્ય લાગતાં ત્યાંના અધિકારીએ જતીયોને દંડયા અને શાંતિ થઇ. પછી અમદાવાદ આવ્યા. ત્યાં ભઠ્ઠીની પોળમાં જગ્યા લઇ લાલભાઇ કીકુ વગેરેએ પોષધશાળા કરાવી અને ત્યાં ગુરૂને પધરાવ્યા.

અહિં પ્રતિમાનું ઉત્થાપન ઢુંઢીયાના સાધુઓએ કર્યું ( સં. ૧૮૭૮ ) તેના વાદમાં ઉતર્યા, કલેશ વધ્યો, સરકારે વાત ચડી. ભુજથી આણંદશેખરજી, ખેડેથી શ્રી દલીચંદજી શ્રી લબ્ધિવિજયજી સાથે આવ્યા. અહિં શ્રી ખુશાલવિજયજી અને શ્રી માનવિજયજી હતા. જુદા જુદા ગામથી પ્રતિષ્ઠિત માણસો આવ્યા. શ્રાવકમાં શ્રીમાળીના શેઠ ભગવાન શેઠ, ઇચ્છાશાહ, વખત માનચંદ, હરખા માનચંદ વગેરે હતા. વીસનગરથી ગલાસા, જેચંદ શાહ વગેરે આવ્યા પછી સરકારમાં ગયા. ઢુંઢીયાના સાધુ જેઠા રૂષિને બોલાવ્યા. તેમને પૂછતાં તેમજ નરસીરૂષિને બોલાવી પૂછતાં જવાબ ન મળતાં સરકારે પ્રતિમા સંબંધી સૂત્રમાં શો અધિકાર છે પૂછતાં શ્રાવકોએ તથા શ્રી વીરવિજયજીએ બતાવતાં વાત સત્ય ઠરતાં તેઓશ્રીની જીત થઇ. શ્રી વીરવિજયજી મહારાજે ૪૫ સૂત્રની વાચના કરી તેમાં મુખ્ય નગરશેઠ પ્રેમાભાઇ હેમાભાઇ અને ભૂરાભાઇ શેઠ, ભવાન ગમાન મોટા પુત્ર દલીચંદ, રૂપચંદ પાનાચંદના પુત્ર ઉમાભાઈ અને ત્રીકમદાસ વગેરે ખેત્રપાળની પોળના બધાને શ્રાવક બનાવ્યા, શ્રાવિકાઓમાં મુખ્ય હઠીસંગ શેઠના પત્ની હરકુંવર શેઠાણી હતાં. સં. ૧૮૮૩ ના મહા વદિ ૧૧ ના દીને અંજનશિલાકાં કરી મુંબઇવાળા મોતીશાહ શેઠે સિદ્ધાચળની ઉપર ટુંક કરાવી જિનબિંબ સ્થાપના કરી પાંચ હજાર પ્રતિમા સ્થાપી. આથી મોતીશાહ શેઠના પુત્ર ખીમચંદ ભાઇ ખુશી થયા.

આ શહેરમાં શેઠ હઠીસંગ કેસરીસંગે એક મોટો પ્રાસાદ શ્રી વીરવિજયજી મહારાજના ઉપદેશથી કરાવ્યો. પ્રતિષ્ઠા કરવાની હોંશ છતાં તે પૂર્વે સ્વર્ગવાસ પામ્યા, જેથી તેમની પત્ની હરકોર શેઠાણીએ શોક મુકી અંજનશલાકા કરાવી પ્રતિષ્ઠા કરી ઘણું ધન ખરચ્યું. આ મંદિર માટે દશલાખ રૂપૈયા ખર્ચ થયો હતો. જેમાં મૂળ નાયક ધર્મનાથજી મહારાજ છે. સં. ૧૯૦૩ ના માહ વદી ૧૧ ના રોજ ગુરૂના વચનાનુસાર શેઠાણીએ પ્રતિષ્ઠા કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૧૯૦૮ ના શ્રાવણ માસમાં ગુરૂને વ્યાધિ થયો. ભાદરવા વદી ૩ ના રોજ સ્વર્ગગમન કર્યું. અને નગરશેઠ વગેરે સર્વેએ મળી ગુરૂનો નિર્વાણ મહોત્સવ કર્યો. અને આશો શુદ ૧૦ ના રોજ શ્રી રંગવિજયજી મહારાજને પાટે સ્થાપ્યા. વીરવિજયજી મહારાજે અનેક ગ્રંથ બનાવ્યા છે તેમાં પ્રશ્નચિંતામણિ ગ્રંથ મહત્વનો અને મુખ્ય છે.

આ હકીકતનો રાસ સં. ૧૯૧૧ ના ચૈત્ર શુદ ૧૫ ના રોજ લખી શ્રી રંગવિજયજીએ પૂર્ણ કર્યો છે કે જેના ઉપરથી આ ચરિત્ર સંક્ષિપ્તમાં લખ્યું છે. આ વખતે તપગચ્છના આચાર્ય તરીકે શ્રી વિજયદેવેન્દ્રસૂરિ હતા. અમદાવાદમાં ચરિત્ર નાયકશ્રીના નામથી ઉપાશ્રય મોજુદ છે.

શ્રી વીરવિજયજી મહારાજની રચેલી પૂજાઓ હાલમાં પ્રચલિત છે. તે વખતને અનુકૂળ અને બંધબેસતી તેમજ પ્રચલિત ઢાળો અને ગરબી, અને રાગોમાં બનાવેલી છે, જેનો કાવ્ય પ્રવાહ, ભાવપૂર્ણઅર્થ અને હૃદયને સંતોષ આપે તેવો તેમાં રસ છે, છતાં આજે તેના જાણકાર અને જિજ્ઞાસુ અલ્પ છે અને ઇચ્છાવાળા તો જોવામાં આવતા નથી.

## તેઓશ્રીની કૃતિ નીચે મુજબ તારીખ અને ગામમાં બનેલી છે.

૧ અષ્ટપ્રકારી પૂજા સં. ૧૮૫૮ ભાદરવા શુદ ૧૨ ગુરૂવાર રાજનગર.
૨ સ્થુલિભદ્રની શિયલવેલ સં. ૧૮૬૨ પોશ શુદ ૧૨ ”
૩ કોણીકરાજાનું સામૈયું સં. ૧૮૬૪ શ્રાવણ શુદ ૩ ”
૪ ચોસઠપ્રકારી પૂજા સં. ૧૮૭૪ વૈશાક શુદ ૩ ”
૫ પીસ્તાલીશ આગમની પૂજા સં. ૧૮૮૧ માગશર શુદ ૧૧
૬ નવાણુંપ્રકારી પૂજા સં. ૧૮૮૪ ચૈત્ર શુદ ૧૫
૭ બારવ્રતની પૂજા સં. ૧૮૮૭ આશો વદી ૦))
૮ પંચકલ્યાણકની પૂજા સં. ૧૮૮૯ અક્ષયતૃતીયા.
૯ ધમ્મીલકુમાર રાસ સં. ૧૮૯૬ શ્રાવણ શુદ ૩
૧૦ ચંદ્રશેખર રાસ સં. ૧૯૦૨ આસો શુદ ૧૦

૧૧ અનેક સ્તવનો, છુટક કાવ્યસંગ્રહ વગેરે. જૈન ગુર્જર કાવ્યને ખીલવી સારામાં સારી વૃદ્ધિ કરી છે. ઓગણીશમી સદીમાં શ્રી વીરવિજયજી મહારાજ એકલા અને પ્રધાન કાવ્યવીર થયા છે.

થોડા વર્ષો સુધી શ્રી પદ્મવિજયજી અને વીરવિજયજી મહારાજ સમકાલીન હતા અને શ્રી પદ્મવિજયજીના સ્વર્ગવાસ પછી રૂપવિજયજી મહારાજ સમકાલીન ઘણાં વર્ષો રહ્યાં. પરંપરા નીચે મુજબ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( શ્રી ક્ષમાવિજયજી )

શ્રી જીનવિજયજી
શ્રી ઉત્તમવિજયજી
શ્રી પદ્મવિજયજી
( સં. ૧૭૯૨ થી ૧૮૬૨ )
શ્રી રૂપવિજયજી–શ્રી કુંવરવિજયજી

શ્રી જશવિજયજી
શ્રી શુભવિજયજી
જય શ્રી વીરવિજયજી
( લગભગ ૧૮૩૦ થી ૧૯૦૮ )

આવા મહાન્ પુરૂષોના ચરિત્ર જૈનસાહિત્યમાં ઉમેરો કરે છે, ઇતિહાસ સાહિત્યની વૃદ્ધિ કરે છે અને ઇતિહાસ લેખકને સહાયરૂપ થઈ પડે છે.

ગાંધી.

## પાછો હઠ.

( પદ )

હઠ પાછો હઠ પાછો પ્રાણી, હઠ પાછો હઠ છોડી રે;
વગર વિચારે થઇ માતેલો, કહાં જાય છે દોડી રે. હઠ પાછો૦ ૧
પથિકજનોનો પંથ નથી એ, જેહ પંથે તું ચાલે રે;
ચોર લૂટારાતણા ત્રાસથી, થાશે તું બેહાલે રે. હઠ પાછો૦ ૨
દુઃખ દાવાનળ આવી પડશે, કોઇ ન રક્ષણ કરશે રે;
પસ્તાવો પાછળથી થાશે, કામ ન તેથી સરશે રે. હઠ પાછો૦ ૩
માની જા માનવ તે માટે, હજી બાજી છે હાથે રે;
મહાજનોનો પંથ પકડ તું, સદા સુખ જેહ વાટે રે. હઠ પાછો૦ ૪
વારેલો તું નહિ વળે તો, વળવું પડશે હારી રે;
માટે પંથ કુપંથ તજી દે, હિતશિક્ષા મન ધારી રે. હઠ પાછો૦ ૫
મહાજનોના પવિત્ર પંથે, સજ્જન સ્વાગત કરશે રે;
અધિક અધિક સુખ આવી મળશે, કારજ સઘળાં સરશે રે. હઠ પાછો૦૬
સ્વામી થશે અદ્‌ભુત લક્ષ્મીનો, સુરપતિ સેવા કરશે રે;
શિવસુંદરી વરવા તુજ સાથે, વરમાળા કર ધરશે રે. હઠ પાછો૦ ૭
નિર્મળ ન્યારો પંથ પનોતો, મહાજનોનો કહાવે રે;
શાશ્વતસુખમાં સદા મ્હાલવા, લે પકડી દ્રઢ ભાવે રે. હઠ પાછો૦ ૮

**શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી.**
વેજલપુર–ભરૂચ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મ જ્ઞાનનિરૂપણ પ્રશ્નોત્તર.

( ગતાંક પૃષ્ટ ૨૧૭ થી શરૂ. )

## સાતમો અધિકાર.

**પ્રશ્ન**—મુક્તિમાર્ગ ( કળશના નાળવાની પેઠે ? ) સદાકાળ વહેતો રહેશે અને સંસાર પણ ભવ્યશૂન્ય થશે નહિ—આ વાકય પરસ્પર વિરૂદ્ધ વચનવિલાસને લીધે સંગતિયુક્ત લાગતું નથી તેનું કેમ ?

**ઉત્તર**—ભગવાનનું એ વચન અસત્ય નથી પણ અલ્પબુદ્ધિવાળા જીવોના ચિત્તમાં તે બેસે નહિ એ સ્વાભાવિક છે. એ ઉપર એક લૌકિક દૃષ્ટાન્ત છે, જે સાંભળતાં જ શ્રોતાજનોનું મન સ્થિર થાય તેમ છે. નદીઓના હૃદ (મૂલ) માંથી નદીપ્રવાહ નીકળીને સદાકાળ સમુદ્ર ભણી વહે છે તોપણ હૃદો ખાલી થતાં નથી, નદીપ્રવાહ બંધ થતો નથી અને સમુદ્ર કદી પૂર્ણ થતો નથી. તેવીજ રીતે સંસારમાંથી નીકળીને ભવ્ય જીવો મુક્તિમાં જાય છે તો પણ સંસાર ખાલી થતો નથી, ભવ્યજીવો ખુટતા નથી અને મુક્તિ ભરાતી નથી. આ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકનું ( સામ્ય ) સરખાપણું સમ્યક પ્રકારે અવલોકન કરનારની અર્હદ્વચનમાંજ પ્રતીતિ થશે, અન્યત્ર નહિ. બીજું પણ એક લાગુ પડતું દૃષ્ટાન્ત પ્રમાણના જાણકારોએ સાંભળવા યોગ્ય છે. કોઇ બુદ્ધિશાળી જન્મથી માંડીને મરણ પર્યન્ત ત્રણ લોકનાં સર્વ શાસ્ત્રોનું, હિંદુઓનાં છ દર્શન અને યવન શાસ્ત્રોનું, આત્મ શક્તિથી પઠન કરતો અસંખ્ય આયુષ્ય નિર્વહન કરે તો પણ તેના અશ્રાન્ત પાઠથી તેનું હૃદય કદી શાસ્ત્રાક્ષરોથી પૂર્ણ થાય નહિ, શાસ્ત્રાક્ષરો ખુટે નહિ અને શાસ્ત્રો ખાલી થાય નહિ. તેવીજ રીતે સંસારમાંથી ગમે તેટલા ભવ્યો મુક્તિમાં જાય તોપણ મુક્તિ પૂરાય નહિ, ભવ્ય ખુટે નહિ અને સંસાર ખાલી થાય નહિ. અર્થાત મુક્તિમાર્ગ અન્તરાય વિના વહેતો રહેશે આ દૃષ્ટાન્ત અને દાષ્ટાંન્તિકની ભાવના વિજ્ઞો (જાણકારો) એ સ્વચિત્તમાં ચિન્તવી લેવી અને એવાં અનેક દૃષ્ટાન્તો યોજવા.

## આઠમો અધિકાર.

**પ્રશ્ન**—પરબ્રહ્મનું સ્વરૂપ કેવું છે ?

**ઉત્તર**—પરોપકારમાં પરાયણ (તત્પર), વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી આપ્તો ( વસ્તુનું સ્વરૂપ જેવું હોય તેવું કથન કરનારા ) એ પરબ્રહ્મનું નિવેદન આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે કર્યું છે. પરબ્રહ્મ નિર્વિકાર, નિષ્ક્રિય, નિમાય, નિર્મોહ, નિર્મત્સર, નિરહંકાર, નિ:સ્પૃહ, નિરપેક્ષ, નિર્ગુણ, નિરંજન, અક્ષર (અવિનાશી), અનાકૃતિ, અનંતક, અપ્રમેય (અપાર), અપ્રતિક્રિય, અપુર્નભવ, મહોદય, જ્યોતિર્મય, ચિન્મય, આનંદમય, પરમેષ્ઠિ, વિભુ, શાશ્વત સ્થિતિયુક્ત, રોધવિરોધરહિત, પ્રભાસહિત, જગતજેનું નિસેવન કરે છે અને જેના ધ્યાનના પ્રભાવથી ભક્તોની નિવૃત્તિ થાય છે એવા ઇશ્વર રૂપ છે.

**પ્રશ્ન**—શું પરબ્રહ્મ-સૃષ્ટિનું કારણ છે અને યુગાન્તે પરબ્રહ્મમાં જ જગત્ લીન થાય છે ?

**ઉત્તર**—પરબ્રહ્મને સૃષ્ટિ રચવાનું કંઇ પ્રયોજન નથી તેમ તે માટે તેને કોઇ* પ્રેરનાર પણ નથી. જો પરબ્રહ્મે સૃષ્ટિ રચી હોય તો તે આવી કેમ રચે ? આ જગત્ જન્મ, મરણ, વ્યાધિ, કષાય, જુગાર, કામ, અને દુર્ગતિની ભીતિથી વ્યાકુળ છે. પરસ્પર દ્રોહ અને વિપક્ષથી લક્ષિત છે. વાઘ, હાથી, સાપ અને વીંછીથી વ્યાપ્ત છે. પારધિ, માછી અને ખાટકીથી સંચિત છે. ચોરી અને જારાદિ વિકારોથી પીડીત છે. કસ્તૂરી, ચામર, દાંત અને ચામડા માટે હરિણો, ગાયો, હાથી અને ચિત્તાઓનું ઘાતક છે. દુર્ભિક્ષ (દુષ્કાલ), દુમારિ ( મરકી, કોગળીયું ) અને વિડવરાદિથી કલિત છે. દુર્જાતિ, દુર્યોનિ અને કુકીટો ( કીડા ) થી પૂરિત છે. વિષ્ટા, દુર્ગન્ધ અને કલેવરોથી અંકિત છે. દુષ્કર્મને નિર્માણ કરનાર મૈથુનથી અંચિત છે. સપ્તધાતુથી નિષ્પન્ન શરીરોથી સમાશ્રિત છે. પ્રચણ્ડ પાખણ્ડઘટાથી વિડમ્બિત ( પીડિત ) છે. નાસ્તિકોએ સહિત અને સર્વ મુનીશોએ નિંદિત છે. વિતર્કના સમ્પર્ક (સંબંધ) વાળા કુતર્કથી કર્કશ (કઠોર) છે. વર્ણાશ્રમના ભિન્ન ભિન્ન ધર્મ અને ષડદર્શનના આચાર વિચાર સંબંધી આડમ્બરે યુકત છે. નાના પ્રકારની આકૃતિવાળા દેવતાઓની એમાં પૂજા થાય છે. પુણ્ય અને પાપથી થતાં કર્મના ભોગને આપનારૂં છે. સ્વર્ગાપવર્ગાદિ ભવાન્તરો એમાં ઉદય વર્તે છે. શ્રીમન્ત અને નિર્ધન, હિંદુ અને તુરૂષ્ક ( મુસલમાન) આદિ ભેદોથી ભરેલું છે. એમાં કેટલાક પરબ્રહ્મની સાથે વૈર ધારણ કરનાર, કેટલાક પરબ્રહ્મનું ખણ્ડન અને હાસ્ય કરનાર અને કેટલાક પરબ્રહ્મની પૂજાના રાગી જીવો હોય છે. એનો વિસ્તાર કરવાથી શું ? કેમકે જે દેખાય છે તે વિપરીત જ છે. પરબ્રહ્મના સ્વરૂપથી તદ્દન ભિન્ન છે. વિદ્વાનો તો કહે છે કે કાર્યમાં ઉપાદન કારણના ગુણો હોવા જોઈએ. સંસારમાં જે અનિત્ય વસ્તુ દેખાય છે તે જો સૃષ્ટિ સમયે બ્રહ્મમાંથી ઉત્પન્ન થઇ હોય તો યોગીયો એને જુગુપ્સનીય ( નિંદા—સૂગ કરવા લાયક ) ગણી શીઘ્ર ત્યજીને વૈરાગ્ય કેમ લે છે ? જો દ્વેષરાગાદિથી વિરૂપ જગત્સ્વરૂપ ઉત્તમ યોગવિદો (યોગીયો) ને ત્યા-

* કાલસ્વભાવાદિ સર્વ બ્રહ્મગત છે.—કર્તૃવાદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગવા યોગ્ય હોય તો તેજ સર્વ યુગાન્તે પરબ્રહ્મને પોતાની અંદર ધારણ કરવા યોગ્ય કેવી રીતે થાય? ત્યારે ક્યાંતો બ્રહ્મમાં વિવેક ન હોય અથવા શુકાદિ યોગીયોમાં ન હોય! જે બ્રહ્મને કરવા યોગ્ય અને ધારવા યોગ્ય તે અન્ય પુરૂષોને-શુકાદિ યોગીઓને નિંદવા અને ત્યજવા યોગ્ય સૃષ્ટિ બ્રહ્મમાંથી ઉ-ત્પન્ન થઇ અને પ્રલય પણ તેમાં થશે એવું કહેનારા 'બ્રહ્મ અતિગૂઢ છે' એવું શું નથી નિવેદન કરતા? શું એમાં બ્રહ્મને વાન્તાહુતિનો (વમેલું ખાવાનો) દોષ નથી લાગતો? લોકમાં બ્રાહ્મણાદિની ઘાત થાય તો મોટી હત્યા થઈ કહેવાય છે. ત્યારે સૃષ્ટિનો સંહાર કર્ત્તા બ્રહ્મને તે હત્યા કેવી લાગે? દયા-લુને અદયા! સ્વરચિત સૃષ્ટિનો સંહાર કરતા બ્રહ્મને હિંસા ન લાગે એમ જો કહેતા હો તો પુત્રોને ઉત્પન્ન કરીકરીને મારી નાખનાર બાપને પણ કોઇ દોષ લાગશે નહિ. એતો બ્રહ્મની લીલા છે માટે સંહાર કરતાં બ્રહ્મને પાપ ન લાગે એવું જો કહેવું હોય તો મૃગયાએ (શિકારે) ગયેલા રાજાને પણ જીવો મારતાં પાપ નહિં લાગે. સ્વભાવથી અથવા કાલથી પ્રેરાઇને સૃષ્ટિનો સંહાર કરતાં વિભુને પાપ લાગતું ન હોય અને આ અશસ્ત (ધિક્કારવા લાયક) સંહારમાં બલિષ્ઠ સ્વભાવ અને કાળ બ્રહ્મને પ્રેરતા હોય તો સૃષ્ટિ સંહારમાં સ્વભાવને અને કાળને જ હેતુ રહેવા દ્યો. યુકિતમાં ન બેસે એવા બ્રહ્મનું શું કામ છે? જે લોકો સૃષ્ટિ રચવાનું અને સંહાર કરવાનું બ્રહ્મમાં આરોપે છે તે બ્રહ્મનો મહિમા પ્રગટ કરતા નથી; પરંતુ નિર્દૂષણમાં દૂષણનો આરોપ કરે કરે છે. બ્રહ્મને નિષ્ક્રિય કહીને તેને જ પાછું જગત્ રચનાર કહેવું તે 'મારી મા વાંઝણી છે' એના સદૃશ (જેવું) છે. જે કોઇ વિજ્ઞાનવંત છે તે સર્વ બ્રહ્મનું ચિન્તન કરે છે. જો તેઓ બ્રહ્માંશ હોય તો તેમનામાં અને બ્રહ્મમાં શો ભેદ છે? તેઓ શેને માટે ચિન્તન કરે છે? એ જીવો બ્રહ્માંશ હશે તો બ્રહ્મ પોતે જ તેમને પોતાની પાસે વિના પરિશ્રમે લઇ જશે. જો બ્રહ્મની પ્રાપ્તિ માટે નિરાગતા, નિઃસ્પૃહતા, નિર્દ્વેષતા, નિષ્ક્રિયતા, જિતેન્દ્રિયતા અને સમાનતા ઇત્યાદિ કરવા યોગ્ય હોય અને જો બ્રહ્મની એમાંજ પ્રીતિ હોય તો બ્રહ્મમાં નિષ્ક્રિયત્વ સિદ્ધ થયું. જો એમ કહેવામાં આવે કે બ્રહ્મનો સ્વભાવ જ એવો સક્રિય નિષ્ક્રિયાદિ છે તો કર્ત્તાના અનેક સ્વભાવને લીધે કદાચિત્ એનામાં અનિત્યતા પણ થાય! દ્વેષ પણ થાય! રાગ પણ થાય! દૃષ્ટિથી પણ એ દેખાય! બ્રહ્મ નિત્ય છે એવી પંચાવયવ* વાકયથી વ્યાધિ (જ્ઞાન) પણ નહિ થાય! નિત્ય તેજ છે જે એકરૂપ છે, જેમ કે આકાશ. સૃષ્ટિ રચવામાં અને યુગાંતે સંહાર કરવામાં કર્ત્તાને મનઃસ્થ સક્રિયતા દેખીતી

* બ્રહ્મ નિત્ય છે. ૨ એક સ્વભાવત્વ હોવાથી. ૩ જે એક સ્વભાવવાળું હોય તે નિત્ય, જેમકે આકાશ ૪ બ્રહ્મ તેવું છે. એ માટે બ્રહ્મ નિત્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે ! સૃષ્ટિસંહારના અભાવે નિષ્ક્રિયતા રહે ! તેમજ જીવોને સુખદુ:ખ દેખાય છે તેથી એનામાં રાગદ્વેષ પણ સિદ્ધ થાય ! જો એવો જ તર્ક હોય કે જેવું કૃત્ય એવું સુખ દુ:ખ તો પછી કર્ત્તાનું શું પરાક્રમ ? ત્યારે નિશ્ચિત થયું કે, સ્વપુણ્ય પાપ જ સુખ દુ:ખના હેતુઓ છે. જો જીવો બ્રહ્માંશ હોય તો બ્રહ્માંશ સરખા હોવાથી તે સર્વે સરખા હોય. જ્યારે જીવો સુખી દુ:ખી ઈત્યાદિ બહુ પ્રકારના દેખાય છે ત્યારે તે ભેદનો કરનાર બ્રહ્મથી કોઇ અન્ય નિશ્ચય હોવો જોઇએ. જો જીવો બ્રહ્મથી ભિન્ન હોય અને સુખદુ:ખનો કર્ત્તા બ્રહ્મ હોય, તો જે હેતુથી બ્રહ્મ સુખ દુ:ખ કરે છે તે હેતુ ( પુણ્યપાપ ) નો કર્ત્તા પણ તે ( બ્રહ્મ ) જ હોય બ્રહ્મને નિરંજન, નિત્ય, અમૂર્ત અને અક્રિય કહીને ફરીથી તેનેજ કર્ત્તા, સંહર્ત્તા અને રાગદ્વેષાદિનું પાત્ર કહેવું એ પરસ્પર વિરૂદ્ધ હોવાથી આ જગત્ ભિન્ન છે એવું મુનિઓએ વિચાર્યું અને તેથીજ સંસાર સ્થિત મુનિયો મુક્તિ માટે પરબ્રહ્મનું ધ્યાન કરે છે.

* જે કોઇ ઇશ્વરની ( વિષ્ણુની માયાને જગત્‌ની રચનામાં હેતુભૂત કહે છે તેમને વિચારવાનું કે, ઇશ્વર માયામાં આશ્રિત છે. માયા જડ હોવાથી પોતાની મેળે આશ્રય લેવાને સમર્થ નથી. ઇશ્વર બ્રહ્મરૂપ હોવાથી જાણુતા છતાં માયાનો આશ્રય લે નહિ, કારણ કે ચેતન પરન્ત્ર હોય તોજ જડનો આશ્રય લે. વળી વિચારવાનું કે, ઇશ્વર માયાને એકી વખતે પ્રેરે છે કે દરેક જીવપ્રતિ પૃથક પૃથક પ્રેરે છે ? જો માયાને એકી વખતેજ પ્રેરવામાં આવતી હોય તો તેની એકરૂપતાને લીધે ત્રણે લોક એકરૂપ સર્વ સુખમયી અથવા સર્વ દુ:ખમયી થાય, ભિન્નરૂપ ન થાય. જો માયાને દરેક જીવપ્રતિ પૃથક પૃથક પ્રેરવામાં આવતી હોય તો તે માયાને અનંતતા પ્રાપ્ત થાય જેથી માયા અનેક પ્રકારની થાય અને જીવો પણ ભિન્નરૂપ થાય "એમ હો" એવું કદી કહેવામાં આવે તો પણ માયા જડ છે તે શુ કરી શકે ? ઇશ્વરની શક્તિથી માયા બધું કરવાને સમર્થ હોય તો ઇશ્વરજ સુખદુ:ખનો દાતા હો ! વારૂ, જીવોએ ઇશ્વરનો શો અપરાધ કર્યો છે કે તે દરેક જીવ પ્રતિ એવી માયાને પ્રેરે ? નિરપરાધ જીવોને જે એ પ્રકારે દુ:ખાદિ દે તે ઇશ્વર શેનો ? જે ઈશ્વરનું ધ્યાન કરતા નથી તે ઈશ્વરના અપરાધી હોવાથી ઈશ્વર તેમને દુ:ખ કરતો હોય ને જે ઇશ્વરની સેવા કરે છે તેમને એ સુખની શ્રેણિ આપતો હોય તો જે એવી પ્રતિક્રિયા કરે તે ઇશ્વર તો રાગી દ્વેષી ગણાય ! "એમ હો," એવું કદી કથન થાય તો જે ઇશ્વરને નિંદતો નથી તેમ વંદતો પણ નથી તેની શી ગતિ ? લોકમાં જીવો ત્રણ પ્રકારના છે. સેવક, અસેવક અને મધ્યસ્થ. જ્યારે પહેલા બે પ્રકારના જીવોની ગતિ છે ત્યારે

* વિષ્ણુના માયાથી જગત્‌ની રચનાદિ થાય છે–વૈષ્ણવમત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યસ્થ જીવની પણ કોઇ ગતિ હોવી જોઇએ. મધ્યસ્થ જીવની કોઇ ગતિ નિયત ( ચોકસ-નક્કી ) હોય તો તેનો કર્ત્તા કોણ છે ? ત્યારે એમજ કહેવું યોગ્ય છે કે જેવું કર્મ કર્યું હોય તેવુંજ સુખ દુઃખ પ્રમુખ મળે છે.

જે કોઇ એમ કહે છે કે ઇશ્વર ( કર્ત્તા ) પોતામાંથી જીવોને પ્રકટ કરીને ( સૃજીને ) સંસારીભાવ પમાડે છે અને મહાપ્રલય સમયે પાછો તેમનો સંહાર કરે છે તેમને પૂછવાનું કે, ઇશ્વર વિદ્યમાન જીવોને પ્રગટ કરે છે કે નવાજ પ્રકટ કરે છે ? જો પ્રથમપક્ષ હોય તો વાત સાંભળો. જે ઇશ્વર જીવોને ઇષ્ટ સ્થાનકમાં રાખી મુકીને ક્રિયાઅવસરે પ્રગટ કરે તે તો અમારા જેવો અવસર નહિ મળવાના ભયથી વસ્તુની રક્ષા કરનાર હોવો જોઇએ ! એથી તો ઇશ્વરની અશકિત પ્રકટ કરી. જો ઇશ્વરની અચિન્ત્ય શકિત છે તો શું તે લોભી છે એવું કહેવું છે ? જો નવાજ જીવોને રચીને સંસારીભાવ પમાડતા હોય તો મૂળના સ્વરચિત જીવોને મુકત કરવાને શું સમર્થ નથી કે એ પ્રકારે વિડમ્બના દે છે ? જો ઇશ્વર સ્વરચિતનો પણ એ પ્રકારે સંહાર કરે તો એનો એ વિવેક કેવો ? બાળક પણ સ્વકૃતવસ્તુને શકિત પહોંચે ત્યાંસુધી સાચવે છે.

જો ઇશ્વરની એ લીલા હોય તો લીલા કરતા લોકની પણ નિંદા કરવી ન જોઇએ. તપ યમ ધ્યાન પ્રમુખથી જો ઇશ્વર લભ્ય ( પામવા યોગ્ય ) હોય અને ઇશ્વરને એ રૂચતાં હોય તો જેને એ રૂચે તે કદાપિ એવી લીલા કરે નહિ. લોકમાં પણ જીવાદિનો જેમાં ઘાત થતો હોય એવી સર્વ લીલાનો ઇશ્વરે નિષેધ કરેલો છે. 'બીજાને નિષેધ કરે અને પોતે આચરણ કરે' એ તો કોઇ અતીવ નિંદિત હોય તેજ કરે. એવું વગર વિચાર્યું કામ કરનારને અમે ઇશ્વર કહેતા નથી. જો ઇશ્વર પોતે પવિત્ર, સ્વજનને પાવન કરનાર અને જ્યોતિર્મયાદિ ગુણોથી વિશિષ્ટ હોય તેમ છતાં એ સ્વ અંશોને સ્વરસથી વિમોહ પમાડી સંસારિ ભાવમાં રચીને બહુ દુઃખનું પાત્ર જીવત્વ પ્રેરતા હોય તો આ જીવો ઇશ્વરાંશ નથી. બીજા ભલે હો ! ઇશ્વર નિજાંશોને જાણતાં છતાં પોતાના રમ્ય સ્વરૂપમાંથી પામીને જેના ઉદરમાં સંકટની પેટી છે એવા દૌર્ગત્યદૌસ્થ્યાદિમય ( દુર્ગતિ અને દુઃસ્થિતિવાળા ) આ સંસારમાં સહસા કેમ પ્રેરે ? જો ઇશ્વરની એ લીલા હોય તો આ સંસારજ એને ઇષ્ટ છે, ત્યારે સંસારી જીવોએ ઇશ્વરની પ્રાપ્તિ માટે શું કરવું ? એવી રીતે અસંબદ્ધ ઉદ્દગાર કાઢનારના વચનની કદાપિ પ્રતીતિ થાય નહિ.

ત્યારે શું કહેવું છે ?

જે કંઇ કહેવાનું ( વાચ્ય ) છે તે સાંભળો. જ્યોતિર્મય, ચિન્મય, સદા એકરૂપ, લોકોનાં સુખદુઃખનાં હેતુ જે જુવે છે અને યોગીશ્વરોને જેમનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

એક વિષય બાહ્ય ઉત્તેજના દ્વારા મનની અંદર સંસ્કારો જાગૃત કરે છે. એટલા માટે સંકલ્પ કે વિચાર વિષયોના રૂપમાં અભ્યન્તરથી જ કોઇ બાહ્ય ઉત્તેજના વગર ઉભા થાય છે. જ્યારે જેને તમે અગાઉ જોઇ હોય એવી એક ગાયનો વિચાર કરો છો ત્યારે તમારા મનમાં ગાય શબ્દ ધારો છો, ત્યારે માનસિક રૂપ ઉપસ્થિત થાય છે. પછી એક વિચાર નિર્મિત થાય છે. સંસ્કારનું કારણ સંકલ્પ છે અને સંકલ્પનું કારણ સંસ્કાર છે, તેવો અન્યોન્યાશ્રય હેતુ છે. જેવી રીતે વૃક્ષનું કારણ બીજ છે અને બીજનું કારણ વૃક્ષ છે.

મન, ઇન્દ્રિય અને બાહ્ય કરણ એ બધા સંયોજીત થવા જોઇએ, ત્યારેજ કોઇ વિષયનો બોધ સંભવિત છે.

મનની ત્રણ દશા છે—ક્રિયાત્મક, ભાવાત્મક અને ઉદાસીન મન જડ છે.

---

સ્વરૂપ ધ્યેયતમ ( અતિશય ધ્યાન કરવા લાયક ) છે એવા પરમેશ્વર છે. જીવ તથાપ્રકારના કર્મના યોગથી સુગતિ અથવા દુર્ગતિ, સુખ અથવા દુઃખ પામે છે. જ્યારે જીવ સમાનભાવને ધારણ કરે છે ત્યારે બ્રહ્મત્વને પામે છે. પરમેશ્વર સંબંધી સૃષ્ટિસંહારની કથાથી પ્રવૃત્તિ કરવાથી જો લોકોની તુષ્ટિ થતી હોય તો સ્ફુર્તિ અને પ્રભાવનું પ્રતિપાદન કરવા માટે ઇશ્વરની સ્તુતિ કરવી યોગ્ય છે. પરમેષ્ટિ પરમેશ્વરને કર્તા કહેવાનું રહેવાદો. જેમ જેમ લોકમાં કોઇ શૂરવીર પોતાના સ્વામીનાં શસ્ત્રોવડે શત્રુઓને જીતીને નિજ અંગમાં સુખ કરવાથી કર્તા થાય તેમ પરમેશ્વરના ધ્યાન વડે આત્માને સુખ કરવાથી કર્તા છે અને આત્માના અંધકારનો અપહાર કરવાથી સંહરતા છે જેમ શૂરવીરે શસ્ત્ર વાપરવાથી શસ્ત્રના સ્વામીને કંઇ પણ પ્રયાસ પડતો નથી તેમ ભકતે ઇશ્વરનું ધ્યાન કરવાથી ઇશ્વરને પણ કંઇ ક્રિયા કરવી પડતી નથી. આથી ઇશ્વરની નિષ્ક્રિયતા સિદ્ધ થાય છે. જેમ શૂરવીર શસ્ત્રના પ્રભાવવડે સુખ થવાથી સુખ કરનાર તરીકે શસ્ત્રના સ્વામીને કથન કરે તેમ ભક્ત પણ ધ્યાનના પ્રભાવવડે સુખ થવાથી સુખ કરનાર તરીકે ધ્યાનના સ્વામી—પરમેશ્વરનેજ કહે છે. એવા અનેક દૃષ્ટાન્તોવડે પરમેશ્વરનું ધ્યાન કરનાર ભક્તને સૃષ્ટિ સંહારનો કર્તા પ્રતિપાદન કરી શકાય.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોનિરોધમાં વૃત્તિ કે વિચાર નથી હોતા ત્યાં શૂન્ય વૃત્તિ હોય છે. સંસ્કાર નષ્ટ કે દગ્ધ નથી થતા.

વિક્ષિપ્ત, મૂઢ, ક્ષિપ્ત, એકાગ્ર અને નિરોધ એ યોગની પાંચ ભૂમિકાઓ છે. મન એ પાંચ વિભિન્ન રૂપોમાં પ્રતિભાસિત થાય છે. વિક્ષિપ્ત દશામાં ચિત્ત–રશ્મિઓ જુદા જુદા વિષયોમાં વિખરાઈ જાય છે, મન અસ્થિર રહે છે. અને એક વિષયમાંથી બીજા વિષય ઉપર દોડયા કરે છે. મૂઢ મનની સ્તબ્ધ દશા છે. ક્ષિપ્ત સંચિત મન છે. એકાગ્રતાના અભ્યાસથી મન પોતે જ કેન્દ્રિભૂત થવા માટે સચેષ્ટ હોય છે. એકાગ્રતામાં તેનું એક જ લક્ષ્ય હોય છે. તે સમયે કેવળ એકભાવ રહે છે. નિરોધ દશામાં મન પુરેપુરૂં નિયન્તિત રહે છે. પ્રત્યેક વિચાર આપણી પોતાની માનસિક મૂર્તિમાં રહે છે.

મનની ત્રણ અવસ્થાઓ—જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, સ્વપ્નાવસ્થામાં મન પોતે જાગ્રત દશાના અનુભવોથી મેળવેલી સામગ્રીમાંથી જરા રૂપાન્તર સાથે સ્વપ્નસૃષ્ટિ રચે છે.

'मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः' કેવળ મનજ મનુષ્યની મુક્તિ તથા બંધનનું કારણ છે.

જો મન તથા પ્રાણ લુપ્ત થઇ જાય તો કોઇની અંદર વિચાર નહિ ઉઠે. એ બન્ને ફુલ અને તેની સુગન્ધ અથવા તલ અને તેની અંદરના તેલની માફક એક જ છે. પ્રાણ તથા મન પોષક–પોષ્ય સંબંધથી એકબીજાની સાથે રહે છે. જો એ બેમાંથી એક પણ નષ્ટ કરવામાં આવે તો બીજું પોતાની મેળે જ લુપ્ત થઈ જશે. એ બેનો સર્વથા નાશ થવાથી સર્વ પ્રકારની મુક્તિ પ્રાપ્ત થાય છે.

જ્યાંસુધી એક માણસનું ચિન્તન દ્રઢ અભ્યાસ દ્વારા પુરેપુરૂં નષ્ટ નથી કરવામાં આવતું ત્યાંસુધી તેને એક વખત કોઈ એક સત્ય ઉપર પોતાનાં મનને એકાગ્ર કરવુંજ પડશે. એ પ્રકારના નિરન્તર અભ્યાસથી મનને એકાગ્રતા પ્રાપ્ત થશે, અને ત્યારેજ ચિન્તા સમૂહ લુપ્ત થઇ જશે.

જે જે બાધાઓ મનની એકાગ્રતામાં બાધક બને છે તેને દૂર કરવા માટે કોઇ એક તત્વનો અભ્યાસ કરવો જોઇએ.

મન 'એક મહાન પક્ષી' છે, કેમકે જેવી રીતે પક્ષી એક શાખા ઉપરથી બીજી શાખા ઉપર કે એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ ઉપર કુદયા કરે છે તેવી રીતે મન એક વિષય ઉપરથી બીજા વિષય ઉપર કુદયા કરે છે.

મનની ગતિનું ખૂબ સાવધાનીપૂર્વક નિરીક્ષણ કરો, તે પ્રલોભન આપે છે, મુગ્ધ કરે છે, નકામુ શંકિત કરે છે, ખોટો ભય બતાવે છે, ફોકટ ભયભીત થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. લક્ષ્ય ઉપરથી આપણું ધ્યાન હઠાવવા માટે તે પોતાથી બને તેટલો પ્રયત્ન કરે છે. જ્યારે આપણે તેની ગતિનું એક વખત નિરીક્ષણ કરવા લાગશું ત્યારે તે ચોરની માફક છુપાવા લાગશે અને પછી આપણને આપદ્-ગ્રસ્ત નહિ કરે.

મન સંકલ્પ-વિકલ્પાત્મક છે. જ્યારે તે બુદ્ધિના નિર્ણયોને કર્મેન્દ્રિયોની પાસે સંપાદન માટે પ્રેરિત કરે છે ત્યારે તે વ્યાકરણાત્મક બની જાય છે.

દ્રશ્ય માનસિક અવિદ્યાનું પ્રતિરૂપ છે. બહાર કેવળ પ્રકાશ છે. બહાર કેવળ કંપન છે, પરંતુ મન જ તેને રંગ અને રૂપ આપે છે.

ઇન્દ્રિયોની સાથે તુલના કરવામાં આવે છે ત્યારે મન ચૈતન્ય માલુમ પડે છે, પરંતુ જ્યારે તેની તુલના બુદ્ધિની સાથે કરવામાં આવે છે ત્યારે તે જડ થઇ જાય છે, સાંખ્યતત્ત્વ પ્રમાણે બુદ્ધિમાં ઇચ્છા તથા ચેતના મિશ્રિત છે.

શમ તથા દમના અભ્યાસવડે મનની ઉપરતિ થાય છે. મનને બાહ્ય વિષયોમાં ન જવા દેવું એજ શમ છે. વિવેકદ્વારા વાસનાનો ત્યાગ કરવો એ શમ છે. દમ એ ઇન્દ્રિયોનો નિગ્રહ છે. મનની શાન્તિને માટે શમ તથા દમ બન્ને આવશ્યક છે. દમ ઇન્દ્રિયોને કુંઠિત કરી દે છે. જો ઇન્દ્રિયો તીક્ષ્ણ-તીવ્ર હોય છે તો તેઓ બળાત્કારે સાધકના મનને પણ સમુદ્રમાં પવનનો જબરજસ્ત ઝપાટો વહાણને ઘસડી જાય છે તેમ લઇ જઈ શકે છે.

ઇન્દ્રિયો કેવળ દમવડે જ પુરેપુરી વશ નથી થઇ શકતી. મનની સહાયતાથી-માનસિક વિચારો દ્વારા જ તેઓ પુરેપુરી વશ કરી શકાય છે.

મન મુખ્ય સેનાપતિ છે. તેના અનુશાસનમાં ઇંદ્રિયો સૈનિકો છે.

જો મનનો સંબંધ ન હોય તો ઇન્દ્રિયો એકલી કશું પણ નથી કરી શકતી. જ્યારે તમે કોઇ સરસ પુસ્તકના અધ્યયનમાં તલ્લીન થઈ જાઓ છો ત્યારે તમારો મિત્ર તમને ખૂબ મોટેથી બોલાવે તોપણ તમે નથી સાંભળતા-તમને એટલી પણ ખબર નથી રહેતી કે ઘડીઆળમાં પાંચ વાગ્યા છે. આ તો પ્રત્યેક મનુષ્યનો પ્રત્યક્ષ અનુભવ છે. મન તે વખતે દૂર હતું. શ્રવણેન્દ્રિયની સાથે એનો સંબંધ નહોતો. નિંદ્રામાં પણ આંખો ખુલ્લી રહી શકે છે, પણ કશું જોતી નથી, કેમકે મન ત્યાં નથી રહેતું.

તમે કોઇ વખત એકલી ડાબી આંખે જ જોઇ શકો છો. તમે કોઇ વખત એક જ કાને સાંભળી શકો છો. તમારા હમેશના અનુભવમાં આ વાતનું નિરીક્ષણ કરજો.

કષાય એ સૂક્ષ્મ પ્રભાવ છે જે ભોગદ્વારા મનમાં ઉત્પન્ન થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં જ સફલ થતાં સુધી પડયો રહે છે તથા સમાધિમાંથી મનને ખેંચ્યા કરે છે. ધ્યાનનું આ એક મહાન્ વિઘ્ન છે, તે સાધકને સમાધિનિષ્ટામાં પ્રવેશ કરવા નથી દેતો. તે ભોગવેલા ભોગોની સૂક્ષ્મ સ્મૃતિને જાગૃત કરે છે. પારિભાષિક શબ્દ સંસ્કારનો એ અર્થ છે. સંસ્કારથી વાસના ઉત્પન્ન થાય છે. સંસ્કાર કારણ છે અને વાસના એનું કાર્ય છે.

કષાયનો અર્થ રંગ થાય છે. રાગ, દ્વેષ, તથા મોહ એ ત્રણ મનના કષાય અથવા રંગ છે. ઉચ્ચ ભાવનાની સાથોસાથ સતત્ વિવેક એ કષાયરૂપી દુઃસાધ્ય રોગની અચુક ઔષધિ છે.

જ્યારે ઇન્દ્રિયો પોતાના વિષયોથી વિરામ લે છે ત્યારે જ તેઓ મનસ્વરૂપ થઇ જાય છે. ઇન્દ્રિયો મનમાં સમાઈ શકે છે, એ પ્રત્યાહાર કહેવાય છે.

મન જ મનુષ્યને ધનવાન બનાવે છે. કામનાઓથી મનુષ્ય ગરીબમાં ગરીબ બને છે. કામના વગરનો પુરૂષ સંસારમાં સૌથી વધારે ધનવાન છે. કામના મનની એક એવી દશા છે કે જે શાન્તિનો વિરોધ કરનારી છે.

પોતાના આત્માને શરીર માની લેવાની ભ્રમાત્મક કલ્પના જ બધા અનર્થોનું મૂલ છે. ભ્રામક વિચારોદ્વારા મનુષ્ય શરીરની સાથે અભેદ જ્ઞાન રાખે છે; દેહાધ્યાસનું એ જ રહસ્ય છે. મનુષ્યને શરીર ઉપર જે મોહ થાય છે તેનું નામ અભિમાન છે, જેને લઇને 'મમતા' અર્થાત્ મારાપણું ઉત્પન્ન થાય છે. મનુષ્ય પોતાના સ્ત્રી, પુત્ર, ગૃહ વિગેરેની સાથે આત્મીયતા તાદાત્મ્ય સ્થાપિત કરે છે. એ તાદાત્મ્ય અથવા મોહ જ બંધન, વિપત્તિ તથા દુઃખનું કારણ બને છે. યુરોપીય મહાયુદ્ધમાં લાખો મનુષ્યો મરી ગયા; પરંતુ આપણી આંખોમાં આંસુ નહોતા આવ્યા. એનું શું કારણ? એનું કારણ એ કે તેઓના પ્રત્યે આપણા હૃદયમાં મોહ અથવા તાદાત્મ્યનો ભાવ નહોતો. પરંતુ જ્યારે આપણું પોતાનું કોઇ આપ્તજન મરી જાય છે ત્યારે આપણે મોહને લઇને આર્ત થઇ રોવા લાગીયે છીએ. 'મારૂં' એ શબ્દ મનમાં આશ્ચર્યકારક પ્રભાવ ઉત્પન્ન કરે છે. 'ઘોડો મરી ગયો છે' અને 'મારો ઘોડો મરી ગયો છે' એ બન્ને વાકયો સાંભળવાથી મનમાં જે પ્રભાવ થાય છે તેની વિભિન્નતા ઉપર ધ્યાન આપવાથી આ વાત સહજ સમજી શકાય એવી છે.

મનુષ્ય વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે અને તેના માથાના વાળ સફેત બની જાય છે, પણ તેનું મન હમેશાં તરૂણ જ રહે છે. તેની શકિત ક્ષીણ થઇ શકે છે, પણ તેની પ્રવૃત્તિ તો એ વખતે પણ એવીને એવી જ રહે છે.

ઇશ્વરસૃષ્ટિ કોઇને પણ વિપત્તિમાં નથી નાખતી. એ તો મનની વાસના છે કે જે વિષયોની તરફ ખેંચી જાય છે અને બંધનમાં નાંખે છે. તેથી શુદ્ધ સંકલ્પ જ ગ્રાહ્ય છે, વાસના નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃત્તિ સ્વભાવ ( ટેવ ) ના રૂપમાં ફેરવાઈ જાય છે. જો તમે મનમાં એકવાર કામવૃત્તિ ઉઠવા દેશો તો પછી તે વૃત્તિ અનુસાર તમારો સ્વભાવ બની જશે. માનસિક શકિત તે તરફ શીઘ્રતાથી વહેવા લાગશે અને વારંવાર તેનું ચિંતન કરવાથી તમે વશ થઇ જશો, એટલા માટે જ સ્વભાવગત વૃત્તિ અને ભાવનાઓનો સંયમ કરવો જોઇએ.

દાન, જપ, નિષ્કામ કર્મ, યજ્ઞ, બ્રહ્મચર્ય, તીર્થયાત્રા, પૂજાપાઠ, દમ, શમ, યમ, નિયમ, સ્વાધ્યાય, તપ, વ્રત, સાધુસેવા–એ સર્વ ચિત્તશુદ્ધિ માટે જ છે.

જો તમે ચા પીવાની તમારી જુની ટેવ છોડી દો છો તો તમે રસનેન્દ્રિયને કેટલેક અંશે વશ કરો છો. તમે એક વાસના નષ્ટ કરો છો, તેનાથી તમને કંઇક શાંતિ મળશે, કેમકે તમારી ચાની તૃષ્ણા ચાલી ગઇ છે. ચિંતન કરવું એ જ દુઃખ છે, દેખવું એ જ દુઃખ છે. એક દાર્શનિક કે સાધકને માટે તો સાંભળવું એ પણ દુઃખ જ છે, વિષયી મનુષ્યને માટે એ સર્વ દુઃખ છે. જે શકિત તમને ચાની પાછળ દોડવા પ્રેરી રહી હતી તે ઇચ્છાના રૂપમાં ફેરવાઈ ગઈ છે. કેવળ એક વિષયના ત્યાગથી તમને શાંતિ તથા ઇચ્છાશકિત પ્રાપ્ત થાય છે. તો પછી જો તમે વીશ વિષયોનો ત્યાગ કરો તો તમારા મનને કેટલી વધારે શાંતિ મળવાની તથા તમારી ઇચ્છાશકિત કેટલી પ્રબળ થઈ જવાની ? એ ત્યાગનું ફલ છે, એવી રીતે ત્યાગથી તમને અધિક જ્ઞાન, અધિક આનન્દ અને અધિક શકિત પ્રાપ્ત થાય છે. તમે એક વસ્તુનો એટલા માટે ત્યાગ કરો છો કે તેના બદલામાં તમને તેનાથી પણ વધારે શ્રેયસ્કર વસ્તુ પ્રાપ્ત થાય છે. શું કોઈ પણ માણુસ સાકર માટે ગોળનો ત્યાગ નહિ કરે ? જો તમે એકવાર એક વાસના જીતી લેશો તો બીજી અનેક વાસનાઓ પણ સ્હેલાઇથી જીતી શકશો, કેમકે તમને શકિત અને પરાક્રમ પ્રાપ્ત થઇ ગયા છે.

જો તમે ચાનો ત્યાગ કરો છો તો વસ્તુતઃ તમે મનના એક નાના અંશને વશ કરી લ્યો છો. રસનાનો સંયમ એટલે જ મનનો સંયમ. કામ પર વિજય પ્રાપ્ત કરવો એજ ખરી રીતે મન પર વિજય પ્રાપ્ત કરવા બરાબર છે.

વૈરાગ્ય અને ત્યાગદ્વારા જ મનને સૂક્ષ્મ ( તનુ ) કહી શકાય છે અને જ્યારે એ તનુ થતાં થતાં સૂત્રવત્ થઈ જાય છે ત્યારે તેની ‘ તનુ માનસી ’ ભૂમિકા થાય છે.

આશા તથા અપેક્ષા, વૈરાગ્ય તથા ત્યાગની વિરોધી છે, તેઓ મનને સ્થૂલ બનાવી મૂકે છે. દાર્શનિક કે સાધકને માટે પૂરેપૂરા આશા રહિત થવું એ એક ઘણી ઉંચી સ્થિતિ છે. પરંતુ વિષયી પુરૂષને માટે એ ઘણી જ ખરાબ સ્થિતિ છે, કેમકે લોકો એવા મનુષ્યના સંબંધમાં તિરસ્કાર પૂર્વક કહ્યા કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સહર્ષ નોંધ.

## અને

## જૈન સમાજે સંપાદન કરેલ એક અત્યુત્તમ જ્ઞાનપીઠ.

ભારતના વિશ્વવિખ્યાત મહાકવિ અને તત્વચિંતક શ્રી **રવિન્દ્રનાથ** ટાગોરે સ્થાપેલ **શાન્તિ નિકેતન** નામના જગત્ પ્રસિદ્ધ આશ્રમ કે જેમાં જગતના સર્વ ધર્મો અને દર્શનોના અભ્યાસીઓ માટે સ્થાપિત કરેલ **વિશ્વભારતી** નામની સંસ્થા પ્રખ્યાત છે. અને તે આખી આલમમાં સંસ્કારી જગતમાં સુપ્રસિદ્ધ છે તથા દુનિયાના બધા ધર્મો અને સંપ્રદાયોનો સદ્દભાવ પૂર્વક તેમાં અધ્યયન અધ્યાપન કરવા કરાવવામાં આવે છે આ સાહિત્ય સમૃદ્ધિના જ્ઞાન માટે એક વિશિષ્ટ સાધન સંપન્ન સંસ્થા છે. જયાં વેદ, ઉપનિષદ્, બ્રાહ્મણ, પુરાણ, દર્શનશાસ્ત્રોના અભ્યાસ ઉપરાંત બૌદ્ધધર્મના પાલી સંસ્કૃત, ટીબેટીયન, ચીની અને જાપાની સાહિત્યના અભ્યાસ માટે પુરતી સગવડ રહેલી છે અને તેનો લાભ લેવા બર્મા, સિલોન, સયામ, જાવા, ટીબેટ, નેપાલ, મંગોળ, ચીન અને જાપાન જેવા દૂર દૂર દેશોના બૌદ્ધ ભિક્ષુઓ અને અભ્યાસીઓ પોતપોતાના અભ્યસ્ત વિષયોના જ્ઞાનની આપ લે કરે છે. આ સંસ્થામાં ભારતના એક અગ્રગણ્ય સનાતન, જીવન્ત, સુપ્રતિષ્ઠિત પ્રચુરતર સંસ્કૃતિ અને ભારતી વિભુષિત એવા જૈન ધર્મના અભ્યાસ માટે આજ સુધી સગવડ નહોતી, જેથી આ સંસ્થામાં તેટલી ઉણપ હતી. યુરોપ અમેરિકાના ધર્માનુયાયિઓની સંસ્થા પોતાના તરફથી પોતાના પ્રોફેસરો આ સંસ્થામાં મોકલી અભ્યાસીઓને જ્ઞાનનો લાભ કરાવવાની ફરજ સમજતા હતા, પરંતુ જૈન ધર્મના પ્રેમી અને ઉપાસકો પોતાના સાહિત્ય અને ધર્મ અભ્યાસીઓ માટે એવી કોઇ સગવડ ન કરી આપે એ મહાપુરૂષ **ટાગોરજીના** મનમાં ઉંડો ખેદ રહ્યા કરતો હતો, અને એ સંસ્થામાં જૈન સંસ્કૃતના જ્ઞાનાભ્યાસનો કોઇ વિશિષ્ટ પ્રબંધ થાય તેટલા માટે તેવી યોગ્યતાવાળા અધ્યાપક અને સહાયક દાન શીલ સજ્જનો ઉભય યોગ અત્યાર સુધી ન મળવાથી આજ સુધી એ આશા આ સંસ્થાની ફળીભૂત થઇ નહોતી, પરંતુ સમાજના પુણ્યયોગે, અમને નિવેદન કરતાં બહુ જ હર્ષ થાય છે, કે કલકત્તા નિવાસી જૈન નરરત્ન કોટ્યાધિપતિ શ્રીમાન્ બાબૂ સાહેબ **બહાદુરસિંહજી સિંધી** જેવા નિરપેક્ષ વિદ્યાપ્રેમી અને ધર્મપ્રેમીએ ઉદારતા પૂર્વક આર્થિક સહાયતા આપવાથી તેમજ સાક્ષરવર્ય **શ્રીજિનવિજયજી** ( ભૂત પૂર્વ આચાર્ય ગૂજરાત પુરાતત્ત્વ મંદિર–અમદાવાદ ) જેવા યોગ્ય અધ્યાપકની આ સંસ્થાને અલભ્ય પ્રાપ્તિ થવાથી સોનું ને સુગંધની જેમ જૈન વિદ્યાધ્યયન માટે હવે એ સંસ્થામાં એક અત્યુત્તમ જ્ઞાનપીઠ

---

છે કે ' હવે એને કશી આશા નથી રહી ' પરમાર્થી અને વિષયી મનુષ્યોના માર્ગ એક બીજાથી ઉલ્ટા હોય છે.

સંસ્કારોમાંથી વાસનાઓ પ્રકટ થાય છે, વાસનાઓથી ઇચ્છાઓ વધે છે અને ઇષ્ટ વિષયોના ઉપભોગથી તૃષ્ણા અથવા આંતરિક લિપ્સા જાગ્રત થાય છે. તૃષ્ણા ઘણી જ બળવાન હોય છે. —ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( A chair for studies ) પ્રતિષ્ઠિત થયેલ છે જે માટે બંને મહાશયોને જૈન કોમ જેટલો ધન્યવાદ આપે તેટલો ઓછો છે. આ સભાને તે માટે બેવડો હર્ષ થાય છે; કેમકે આર્થિક સહાય આપનાર સદ્દગુણાલંકૃત બાબુ સાહેબ **બહાદુરસિંહજી સિંઘી** આ સભાના માનવંતા પેટ્રન સાહેબ છે અને અધ્યાપક મહાશય **શ્રીયુત જિનવિજયજી**નો આ સભા તરફથી પ્રગટ થયેલા પ્રાચીન સાહિત્યમાં તેમના પ્રયત્નનો કિંમતી ફાળો છે જેથી આ સભા પણ પોતાનો અપૂર્વ હર્ષ જાહેર કરવા સાથે ધન્યવાદ આપે છે.

અભ્યાસના વિષયો જૈન આગમ, પ્રકરણ ગ્રંથ, જૈનકથા સાહિત્ય, દેશી ભાષા સાહિત્ય, ઐતિહાસિક સાહિત્ય, લીપી વિજ્ઞાન, સંશોધન પદ્ધતિ, સ્થાપત્ય વિજ્ઞાન ( શિલ્પકળા વગેરે ) ભાષા વિજ્ઞાન, ધર્મ વિજ્ઞાન, ઇતિહાસ, પ્રકીર્ણ જૈન વાઙ્મય ( વ્યાકરણ, કોષ, અલંકાર વગેરે ) જૈનેતર વિદ્યાઓનો અભ્યાસ, વિવિધ ભાષાઓનો અભ્યાસ, ગ્રંથ ભંડાર અને જૈન ગ્રંથ સંગ્રહ તેમજ સિંઘી જૈન ગ્રંથમાળા, પી. એચ. ડી ની પૂર્વ તૈયારી સ્કોલરશીપ, અન્ય શિક્ષણ વિષયોનું કાર્ય પણ સાથે થશે.

તે ઉપરાંત જે વિદ્યાર્થી ઉપરોક્ત અભ્યાસનો લાભ લેવા ઇચ્છતા હશે તેને માટે એક સ્વતંત્ર બોર્ડીંગ હાઉસ ઉઘાડવાની તજવીજ પણ ચાલી રહી છે

આ શાન્તિનિકેતન કલકતાથી ૧૦૦ માઇલ દૂર ઇસ્ટ ઇન્ડીયા રેલવેની લૂપ લાઇનમાં બોલપુર સ્ટેશનથી બે માઇલ ઉપર આવેલ છે. આ આશ્રમની આસપાસનો દેખાવ સુંદર, આબોહવા અને કળાની ભાવનાને પોષે એવું જ કુદરતી વાતાવરણ છે જૈન બંધુઓ અને વિદ્યાર્થીઓએ જૈન દર્શનના બ્હોળા જ્ઞાન લેવા માટે તે સંસ્થાનો લાભ લેવો **ઘટે છે.**

## વર્તમાન સમાચાર.

ગયા અઠવાડીયામાં અમારા નામદાર મહારાજા સાહેબ **શ્રી કૃષ્ણકુમારસિંહજી** બહાદુરના રાજ્યારોહણની ક્રિયા તથા લગ્નનો શુભ પ્રસંગ એક સાથે બહુ જ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. આ સ્ટેટની પ્રજાના હૃદયમાં પણ આનંદના કલ્લોલ ઉછળતા હતા. લગભગ દોઢ બે લાખ મનુષ્યો પ્રસંગ જોવા ભાવનગરમાં ભેગાં થયાં હતાં. રાજ્યારોહણના દિવસે શુમારે આઠ લાખ રૂપિયાની ( ખેડુતોને રાહત, કેળવણીને ઉત્તેજન, ધર્માદાખાતા ગૌશાળા–પાંજરાપોળ વગેરે વગેરેને ) સખાવત કરી હતી. અમારા નામદાર મહારાજા સાહેબ દયાળુ, માયાળુ, શાંત અને ઉમરાવ દીલના છે. તેમનામાં પ્રજાપ્રેમ અને દયાળુપણું વિશેષ થાઓ તેમ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

**લાભ લીધો:**—શ્રી ભાવનગર શા આણંદજી પરશોતમ જૈન ઔષધાલયમાં કાર્તકથી ચૈત્ર માસ સુધીમાં નીચે મુજબ દરદીઓએ લાભ લીધો છે.

સાધુ ૯૫, સાધ્વીજી ૪૬૧, શ્રાવક ૪૭૭૮ શ્રાવિકા ૬૦૨૭ જૈનેતર ૭૨૬૧ બાળક ૬૭૭૨. કુલ ૨૫૩૯૪ મનુષ્યોએ લાભ લીધો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધન્યવાદ.

જે મહાત્માના પુણ્ય પવિત્ર નામથી આ સંસ્થા ચાલે છે તેઓશ્રીની જયંતી જેઠ શુદ ૮ ના રોજ (આવતા માસમાં) દરવર્ષ મુજબ શ્રી સિદ્ધાચળ તીર્થે આ સભા તરફથી ઉજવવાની છે. અમારા બંધુ શેઠ લાલચંદ ખુશાલચંદ બાલાપુરવાળાએ, આ સભા તરફથી ઉજવાતી આ જયંતીદ્વારા ગુરૂભક્તિ કરવા આ વર્ષ માટે ઉદારતા બતાવી છે. મળેલ સુકૃત લક્ષ્મીનો સદ્દઉપયોગ કરવા જણાવેલ છે જે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. શેઠ લાલચંદભાઇ ધર્માત્મા, શ્રદ્ધાળુ છે અને ઉદ્યાપન વગેરે કેટલાએ ધર્મકાર્યો ઉદારતાપૂર્વક કર્યાં છે. હાલમાં શ્રી અંતરીક્ષજી તીર્થપર આયંબીલની ઓળીનો પ્રબંધ ત્યાં રહેલા માટે તેઓના તરફથી કરવામાં આવ્યો હતો. આ તીર્થમાં આ પ્રસંગ પ્રથમ હતો. શેઠ લાલચંદભાઇ આવા અનેક ધાર્મિક કાર્યોમાં પોતાને મળેલ લક્ષ્મીનો સદ્દવ્યય કરી આત્મકલ્યાણ સાધે છે.

---

## અમારો સત્કાર.

I want to thank very heartily the Shri Jain Atmanand Sabha for the valuable series of its most beautiful publications which will prove a great help in my further work on the vast and interesting field of Jain Literature. I was pleased very much with what I saw at my visit. It was specially the most beautiful and admirably preserved collection of Manuscripts which impressed me much. The rich and carefully arranged library, too, is worth praise. I hope that the work of the Sabha, which is so important for the progress of Science will be continued in the same spirit with which it was begun, the true spirit of the old Arhats.

4-3-1931

Dr. Alsdorf,
120. Lukergang.
Allahabad.

શ્રી જૈન આત્માનંદ સભાએ જે કિંમતી અને સુંદર પુસ્તકોની શ્રેણીઓ બહાર પાડી છે તે મારા જૈનશાસ્ત્રના આગળ અભ્યાસમાં મદદગાર છે તે માટે હું સભાનો હૃદયપૂર્વક આભાર માનવાની તક લઉં છું. મારી મુલાકાત દરમ્યાન મેં જે જોયું તેથી હું ઘણો ખુશી થયો હતો. ખાસ કરીને ઘણીજ સુંદર રીતે અને સંભાળપૂર્વક સાચવી રાખેલ હસ્તલિખિત ગ્રંથોના ભંડારે મારા ઉપર ઘણી જ સારી અસર કરી. વિશાળ અને સુવ્યવસ્થિત પુસ્તકાલય પણ પ્રશંસાને પાત્ર છે. સભા કે જે વિજ્ઞાનના અભ્યુદયને માટે ઉત્સાહથી કિંમતી કામ કરે છે તેટલી ખંત અને ઉત્સાહથી તે ક્રમ જારી રાખશે એવી હું આશા રાખું છું.

૪-૩-૧૯૩૧

ડોકટર એલ અલ્સડોર્ફ,
૧૨૦, લુકરગંજ
અલ્હાબાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર–સમાલોચના.

## શ્રી સારાભાઈ વીરચંદ દીપચંદ કેળવણી સ્કોલરશીપ ફંડનો સં. ૧૯૯૦ નો સાલનો રીપોર્ટ.

કેળવણીના ઉત્તેજનાર્થે અમદાવાદમાં આ ફંડનો સારો ઉપયોગ થાય છે. તેના કાર્યવાહકો યોગ્ય રીતે આ ફંડનો વહીવટ કરે છે. હાયર અને લોઅર અભ્યાસ કરનાર ૩૯ વિદ્યાર્થીઓ સારી રીતે કેળવણીનો લાભ લઇ રહ્યા છે. દરેક શહેર યા ગામમાં આવા ફંડોની જરૂર છે.

## શ્રી જૈન વીસા શ્રીમાળી જ્ઞાતિ સમાજ અમદાવાદ સંવત ૧૯૮૫ ના શ્રાવણથી સં. ૧૯૮૭ ના પોસ વદ ૫ સુધીના વર્ષનું નિવેદન.

અમોને મળ્યું છે. કેળવણીને ઉતેજન, આરોગ્યતા માટે દવાખાનું અને વ્યાયામશાળા વગેરે કાર્યવાહી આ સમાજ તરફથી અમદાવાદમાં વ્યવસ્થીત રીતે તેના કાર્યવાહકો અને કમીટીદ્વારા ચાલે છે અને તે રીતે જ્ઞાતિ સેવા કરવામાં આવે છે. દરેક મનુષ્ય આ રીતે મળી જ્ઞાતિ સેવા કરે તો જ્ઞાતિની ઉન્નતિ થયા સિવાય રહે નહિ. આવકમાં લવાજમ, ખુશાલીના પ્રસંગે ભેટ વગેરેથી ઉપરોકત કાર્યો કરવામાં આવે છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

## શેઠશ્રી નેમચંદભાઇ પીતાંબરદાસનો સ્વર્ગવાસ.

તેઓશ્રી મીયાગામના નગરશેઠ હતા, ૬૦ વર્ષની ઉમ્મરે ચૈત્ર વદી ૧૨ ને મંગળવારે દેહમુકત થયાની નોંધ લેતાં દુઃખ થાય છે. સદ્દગત શાંત, મીલનસાર ધર્મચુસ્ત અને ઉદાર દીલના હતા. મીયાગામના સંઘનો વહીવટ સં. ૧૯૬૬ થી તેમણે સંભાળ્યો હતો અને તેની આર્થિક સ્થિતિ સદ્ધર કરી હતી. તે સિવાય, પાંજરાપોળ, સ્વામીવાત્સલ્ય ખાતું, નવકારશી ખાતું, આયંબીલ ખાતું, જૈનશાળા, વાંચનાલય, આદિ ખાતાઓમાં મદદ કરી હતી અને લગભગ રૂપીઆ પોણા લાખનું ફંડ એકત્ર કર્યું હતું. છેલ્લા વખતમાં તેમની માંદગી શરૂ થતાં તેમણે સં. ૧૯૮૬ ના શ્રાવણ શુદી ૧૧ શ્રી સંઘને તમામ વહીવટ સુપ્રત કરેલ છે.

મર્હુમ શ્રી મુંબઇ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીના તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનીધી હતા. તેમજ આ સભાના પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર હતા તેમના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એમ ઇચ્છીએ છીએ.

મર્હુમ પોતાની પાછળ બે પુત્રીઓ અને એક પુત્ર ઝવેરચંદભાઇને મુકી ગયા છે. તે તેમના પિતાશ્રીના પગલે ચાલનાર સજ્જન પુરૂષ છે, તેમને દિલાસો આપતાં મર્હુમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર; સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. ગ્રંથની રચના અલૌકિક હોઇ વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, મોક્ષ સન્મુખ લઈ જાય છે. કિં. પોણા બે રૂપૈયા

લખો—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## સુંદર ફોટાઓ.

### ફોટોગ્રાફર નથમલજી ચંડાળીયા કલકત્તાવાળાના ફોટાઓ.

| નામ. | સાઇઝ. | કીંમત. |
|---|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો. | ૧૫×૨૦ | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ,, | ૦-૧૨-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ,, | ૦-૮-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ,, | ૦-૮-૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ,, | ૦-૮-૦ |
| શ્રી ગૌતમ સ્વામી. | ,, | ૦-૮-૦ |
| શ્રી જીનદત્ત સૂરિજી ( દાદા સાહેબ ) | ,, | ૦-૬-૦ |
| છ લેશ્યા. | ,, | ૦-૬-૦ |
| મધુબિંદુ. | ,, | ૦-૬-૦ |
| શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૧૬×૧૨ | ૦-૪-૦ |

### ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.

| | | |
|---|---|---|
| શ્રી મહાવીર સ્વામી. | ૧૫×૨૦ | ૦-૮-૦ |
| શ્રી ગૌતમ સ્વામી મહારાજ. | ,, | ૦-૮-૦ |
| સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી–સોનેરી બાઇન્ડીંગ સાથે. | | ૨-૮-૦ |

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૮ મું. વીર સં. ૨૪૫૭. વૈશાક. આત્મ સં. ૩૫. અંક ૧૦ મો.

## તેરમું પાપસ્થાનક ( અભ્યાખ્યાન ) ત્યાગવાનો ઉપાય.

"પ્રથમ તો મનુષ્યે વાણી ઉપર સંયમ રાખવો. કોઈના પણ દોષ જાહેર કરતાં પહેલાં બહુ વિચાર કરવાની જરૂર છે. બીજાઓ આપણી સન્મુખ કોઈના દોષ જણાવે તો તે એકદમ માની લેવા નહિ. ઘણા લોકો અમુક મનુષ્ય ઉપર આરોપ મૂકે છે, માટે આપણે પણ તે મૂકવો એ મુર્ખતા છે. ઘણા અમુક પાપ કરે છે, તેથી કાંઇ પાપની ઓછાશ થતી નથી અથવા કર્મ તેને છોડતું નથી. આપણે બીજાના આશયોની તુલના કરવામાં ઘણીવાર ભૂલ કરીયે છીયે, આપણે અમુક કાર્ય જોઇયે છીયે, પણ તે કાર્ય કરવાનો તેનો આશય જોતા નથી, અને તેને માથે નિષ્કારણ દોષ મૂકી તેને ફજેત કરીયે છીયે. અને આ રીતે મોટું પાપ આપણે શીર આવે છે. એક મનુષ્ય કલાલની દુકાનમાંથી નીકળ્યો માટે તે દારૂ પીવા જ ગયો હતો એમ માની લેવું એ મોટી ભૂલ છે. અમુક પુરૂષ એક સ્રીની સાથે સંધ્યાકાળે વાતો કરતો ઉભો છે. તમે ત્યાં થઇને જાઓ છો, તમે તે પુરૂષને ઓળખો છો, તે સ્રીને ઓળખતા નહતા. તમે કલ્પના કરો છો કે તે પુરૂષ હલકા આશયથી જ તે સ્રી સાથે વાત કરે છે, કદાચ તે તેની બ્હેન જ હોય અને તમારી કલ્પના તદ્દન અસત્ય ઠરે. માટે કોઈને માથે દોષ આરોપતાં ઘણો વિચાર કરવો.

કહ્યું છે કે—

કાને સુણી ન માનીએ, નજરે દીઠી સો સચ્ચ;
નજરે દીઠી ન માનીએ, નિર્ણય કરી સો સચ્ચ !!

પવિત્રતાને પંથે માંથી.

For Private And Personal Use Only